સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬
જિ. : બનાસકાંઠા

જા.નં.સદાંકૃયુ/રજી/એ.૧.૧/૨૩૧૭– /૨૦૧૭,
૨૩૯૧

તારીખ :– ૧૫ .૫.૨૦૧૭.

## — :: પરિપત્ર :: —

આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળ ફરજ બજાવતા શિક્ષકો કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતીને પાત્ર થતા હોય તેઓની નિયત નમૂનામાં અરજીઓ મેળવી આપની કક્ષાએથી ચકાસણી કરી ભલામણ સહ અત્રે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. બઢતી અંગેની અરજીઓ અત્રે મોકલતાં પહેલાં નીચેના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી.

(૧) જે શિક્ષકો છઠ્ઠા પગારપંચ અંતર્ગત તા.૧.૧.૨૦૦૯ થી તા.૩૦.૬.૨૦૧૦ વચ્ચે બઢતી માટે પાત્ર થતા હોય તો તેનુ મુલ્યાંકન પાંચમા પગારપંચ મુજબના માપદંડ પ્રમાણે કરવાનું રહેશે એટલે કે તેઓએ **API** પરીપૂર્ણ કરવાના રહેશે નહિ. (પાંચમા પગારપંચ મુજબના પ્રર્ફોમાં વેબસાઇટ પરથી મેળવી લેવાનો રહેશે.)

(૨) તા.૧.૭.૨૦૧૦ થી કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતીને પાત્ર થતા હોય તેવા શિક્ષકોની અરજી યુનિવર્સિટી વેબ સાઇટ ઉપર મુકવામાં આવેલ **API** ના પ્રર્ફોમાં મુજબ મોકલી આપવાની રહેશે.

(૩) જે શિક્ષકો પાંચમા પગારપંચ મુજબ સીનિયર સ્કેલ/સીલેકશન ગ્રેડ/સહ પ્રાધ્યાપક સંવર્ગમાં બઢતી માટે લાયક ઠરતા હોય અને અગાઉ અરજીઓ કરેલ છે તેવા શિક્ષકોએ ફરીથી અરજીઓ મોકલવાની રહેતી નથી.

(૪) સંશોધન કેન્દ્રો ખાતે ફરજ બજાવતા શિક્ષકોની બઢતી અંગેની અરજીઓ સંશોધન નિયામકશ્રીની કચેરી મારફત તેમજ કોલેજ કક્ષાએ ફરજ બજાવતા શિક્ષકોની અરજીઓ જે તે કોલેજ મારફત આચાર્યશ્રીની ભલામણસહ અત્રે મોકલી આપવાની રહેશે.

(૫) ઉકત દર્શાવ્યા મુજબની તમામ અરજીઓ સદરહુ પરિપત્ર જારી કર્યાના દિન-૨૦ માં અચુક અત્રે મોકલી આપવાની રહેશે.

(૬) અધુરાશવાળી અરજીઓમાં પાછળથી કોઇપણ પ્રકારના સુધારા/વધારા તેમજ દસ્તાવેજો સામેલ કરવા દેવામાં આવશે નહિ, જેથી તમામ અરજીઓની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ અત્રે રજૂ કરવાની રહેશે.

(૭) છઠ્ઠા પગારપંચ અંતર્ગત જે સ્ટેજમાં બઢતી મળવાપાત્ર થતી હોય તેની વિગત અરજી ઉપર સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રી મંજૂરી મેળવીને જારી કરવામાં આવે છે.

કુલસચિવ

**નકલ સવિનય રવાના:**

-સંશોધન નિયામકશ્રી, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર
/-સંશોધન કેન્દ્રો ઉપર ફરજ બજાવતા શિક્ષકોની અરજીઓની ચકાસણી આપની કક્ષાએથી કરી ભલામણ સહ અત્રે મોકલી આપવાની રહેશે.

-તમામ આચાર્યશ્રીઓ તરફ.
/-આપના તાબા હેઠળના શિક્ષકોની અરજીઓની ચકાસણી આપની કક્ષાએથી કરી ભલામણ સહ અત્રે મોકલી આપવાની રહેશે.

**નકલ રવાના જાણ તથા ઘટતું થવા સારૂ.**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગ- મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ-૧ થી **Professorship** સ્ટેજ-૬ ની જગ્યાઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતીથી નિમણૂંક માટેના **Academic Performance Indicator (API)** નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૮/૨૦૧૪
- 9 SEP 2014

(૧) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૦૧/૦૪/૨૦૧૦
(૨) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૧૫/૦૪/૨૦૧૦
(૩) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃગકવ- ૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા. ૧૨/૦૯/૨૦૧૩
(૪) યુ.જી.સી. ના જાહેરનામા નં.F. 3-1/2009. તા. 30/૬/૨૦૧૦
(૫) યુ.જી.સી. ના જાહેરનામા No.F.1-2/2009(EC/PS) V(i) Vol-II. તા.૧૩/૦૬/૨૦૧૩
(૬) કૃષિ મંત્રાલયના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ, ભારત સરકાર ના પત્ર ક્રમાંક:F.No.1(1)/2009-per-IV. dated 22th July,2013.

આમુખ :-

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગને રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક:ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા.૦૧/૦૪/૨૦૧૦થી છઠ્ઠા કેન્દ્રિય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપેલ છે. જેની શરત ક્રમાંક-૬થી "કૃષિ યુનિવર્સિટી દ્વારા સેવા વિષયક અને ભરતી નિયમો અન્વયે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત UGC/DARE/ICAR ના માપદંડ મુજબ રાખી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે"અને શરત ક્રમાંક-૧૨થી "કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો લાભ નિયમાનુસાર મળવાપાત્ર થશે પરંતુ અગ્રીમ ઇજાફા મળવાપાત્ર થશે નહિ" તેમ ઠરાવેલ હતું. આ બાબતોના અનુસંધાનમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત Academic Performance Indicator (API) based on ICAR Regulation / UGC Regulations મંજુર કરવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. કોમન સ્ટેચ્યુટ નં.એસ-૧૧૫માં વિવિધ ફેકલ્ટીની જગ્યાઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત મદદનીશ પ્રાધ્યાપક થી Professorship ના નિયમોની Rule-31.0 **થી** 38.0 થી જોગવાઇ કરવામાં આવેલ છે. તેમાં Rule-32.0 થી મદદનીશ પ્રાધ્યાપક સ્ટેજ-૧ થી Professorship સ્ટેજ-૬ માટેની CAS-Promotion ની જોગવાઇ છે.

૩. કૃષિ યુનિવર્સિટીઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજનાની અન્ય શરતો કોમન સ્ટેચ્યુટ-૧૧૫ ના નિયમોની Rule-31.0 થી 38.0 જોગવાઇ કરવામાં આવેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે

૪. કેરીયર એડવાન્સમેન્ટ યોજનાના અમલીકરણમાં વિલંબ થયેલ હોવાથી છઠ્ઠા પગારપંચ અંતર્ગત તા.૩૧.૧૨.૨૦૦૮ થી 30/૬/૨૦૧૦ વચ્ચે કોઇ શિક્ષક બઢતી માટે પાત્ર થાય તો તેનું મુલ્યાંકન પાંચમા પગાર પંચ મુજબનાં માપદંડ પ્રમાણે કરવાનું થાય છે. એટલે કે, તેઓએ API પરીપૂર્ણ કરવાના રહેશે નહિ.

૫. કૃષિ યુનિવર્સિટીઓમાં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતી મેળવનાર મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓમાં ટેબલ-૨ ના ક્રમ નંબર-૭ માં દર્શાવેલ Expert Assessment માં ઓછામાં ઓછા કુલ ૫૦% મેળવવાના રહેશે, જ્યારે સહ પ્રાધ્યાપક (AGP Rs.9000) તથા પ્રાધ્યાપક (AGP Rs.10000) અને તેની સમકક્ષ સંવર્ગમાં CAS-Promotion ની બઢતી માટે Expert Assessment માંથી ઓછામાં ઓછા ૫૦% તથા Interview Performance તેમજ Annual Assessment Report (ખાનગી અહેવાલ) સાથે ઓછામાં ઓછા કુલ ૬૦% મેળવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

B.R.Thakkar
(બી.આર.ઠક્કર)
ઉપસચિવ (કૃષિ યુનિ.)

**પ્રતિ,**

૧. કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર.
૩. કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ, જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર.
૪. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર
૫. નાયબ સેકશન અધિકારીશ્રી, કલેકશન
૬. સિલેકટર ફાઇલ
૭. શાખા સંગ્રહ